Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે એક્ષ્ટર્નલ અભ્યાસક્રમો (બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ.) (વાર્ષિક પધ્ધતિ) ની પ્રવેશ કાર્યવાહી માટેની માર્ગદર્શિકા

(૧) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે એક્ષ્ટર્નલ અભ્યાસક્રમો (બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ.) ની પ્રવેશ કાર્યવાહી માટે પરીક્ષાના આવેદનપત્ર નિયત ફી સાથે તમામ બિડાણો સહિત વિદ્યાર્થીએ દર્શાવેલ પરીક્ષા કેન્દ્ર / કોલેજ મુજબ સ્વીકારવાના રહેશે. (સિન્ડિકેટ તા.૫–૧૨–૨૦૧૪ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૦ મુજબ યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેડ / સેલ્ફ ફાયનાન્સ/ ગર્વમેન્ટ તમામ કોલેજોએ એક્ષટર્નલ પરીક્ષાની કામગીરી કરવાનું ઠરાવેલ છે.)

(૨) Academic Council Dated 13/2/2015 Resolution No.28 અન્વયે Examination Regulations for B.A, B.Com, M.A, M.Com External Programs (Yearly Mode) અમલમાં છે.

(૩) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે એક્ષ્ટર્નલ અભ્યાસક્રમો :–

[A] F.Y. B.A./ F.Y. B.Com. (Whole) તથા M.A. – 1 / M.Com. – 1 (Whole) (વાર્ષિક પધ્ધતિ) માં પ્રવેશ મેળવવા માટે નવા (Fresh) વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઈટ www.admission.vnsgu.net પર ઓનલાઈન ફોર્મ સાથે નિયત કરેલ ફી ભરવાની રહેશે.

[B] F.Y. B.A./ F.Y. B.Com. (ATKT / Part), S.Y. B.A./B.Com. (Whole) તથા M.A. – 1 / M.Com. – 1 (Part), M.A. – 2 / M.Com. – 2 (Whole) (વાર્ષિક પધ્ધતિ) માં પ્રવેશ મેળવેલ ERP System અંતર્ગત વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.net પર SPID નંબરથી Student Dashboard માં આપવામાં આવેલ લીંક દ્વારા ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ સાથે નિયત કરેલ ફી પરીક્ષા કેન્દ્ર (કોલેજ) માં કાર્યાલય કામકાજના સમય દરમિયાન ઓનલાઈન ફોર્મનું વેરીફિકેશન કરાવી જમા કરાવવાની રહેશે.

[C] S.Y. B.A./B.Com. (ATKT / Part), T.Y. B.A./B.Com. (Whole / Part) તથા M.A. – 2 / M.Com. – 2 (Part) (વાર્ષિક પધ્ધતિ) માં ERP System સિવાયના રજીસ્ટર્ડ જૂના વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in પરથી ડાઉનલોડ કરી, પ્રવેશ અરજી જરૂરી બિડાણો અને નિયત ફી સહિત પ્રવેશ ફોર્મમાં દર્શાવેલ જે પરીક્ષા કેન્દ્ર (કોલેજ) માંથી પરીક્ષા આપવા ઈચ્છુક હોઈ તે પરીક્ષા કેન્દ્ર (કોલેજ) માં કામકાજના સમય દરમિયાન પ્રવેશ અરજી ફોર્મ વેરીફિકેશન કરાવી જમા કરાવવાની રહેશે.

(૪) દરેક વર્ષે એક્ષ્ટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં દરેક વર્ષે રજીસ્ટ્રેશન કરાવવા માટે નવેસરથી નવી અરજી કરવાની રહેશે. આગળના વર્ષોમાં અરજી કરીને પરીક્ષામાં નહી બેઠેલા કે નાપાસ થયેલા વિદ્યાર્થીઓએ પણ પ્રવર્તમાન નિયમોનુસાર નવેસરથી રજીસ્ટ્રેશન કરાવવું પડશે અને યુનિવર્સિટી દ્વારા નિયત કરેલ ફોર્મ સાથે જરૂરી બિડાણો અને ફી જમા કરાવવાની રહેશે.

(૫) જે વિદ્યાર્થીઓની પ્રથમ વર્ષમાં ATKT આવી હોય તેઓએ પ્રથમ વર્ષનું ATKT નું ફોર્મ અને બીજા વર્ષના ફ્રેશ એડમિશન માટે અલગથી ફોર્મ ભરવાના રહેશે.

(૬) જે વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષમાં સંપૂર્ણ Absent હોય તેઓએ યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.net પર SPID નંબરથી Student Dashboard માં આપવામાં આવેલ લીંક દ્વારા પ્રથમ વર્ષનું Fail ના ઓનલાઈન ફોર્મની પ્રિન્ટ સાથે નિયત કરેલ ફી પરીક્ષા કેન્દ્ર (કોલેજ) માં કાર્યાલય કામકાજના સમય દરમિયાન ઓનલાઈન ફોર્મનું વેરીફિકેશન કરાવી જમા કરાવવાની રહેશે.

–૨–

(૭) **એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની લાયકાત :**

**F.Y.B.A.**

| B.A. External Subject | Eligibility |
|---|---|
| B.A. – Gujarati<br>B.A. – English<br>B.A. – Hindi<br>B.A. – Sanskrit<br>B.A. – History<br>B.A. – Economics<br>B.A. – Sociology<br>B.A. - Political Science | A candidate who has passed 12th Arts / Commerce / Science shall be eligible to apply for B.A.<br>A candidate who has passed ITI / Diploma shall be eligible after getting Equivalence Certificate from Gujarat Secodary & Higher Secondary Education Board, Gandhinagar to apply for B.A. |

**F.Y.B.Com.**

| B.Com. External Subject | Eligibility |
|---|---|
| B.Com. - Advanced Accounting & Auditing | A candidate who has passed 12th with following subjects shall be eligible to apply for B.Com. Advanced Accounting & Auditing.<br>(A) [1] Accountancy [2] Business Administration [3] Business Maths / Statistics / Banking / Economics<br>(B) Vocational Streams : [1] Computer Science Application [2] Entrepreneurship [3] Mathematics |
| B.Com. - Banking | A candidate who has passed 12th with following subjects shall be eligible to apply for B.Com. Banking.<br>(A) [1] Accountancy [2] Business Administration [3] Business Maths / Statistics / Banking / Economics<br>(B) Vocational Streams : [1] Computer Science Application [2] Entrepreneurship [3] Mathematics |
| B.Com. - Statistics | A candidate who has passed 12th with following subjects shall be eligible to apply for B.Com. Statistics.<br>(A) [1] Accountancy [2] Business Administration [3] Business Maths / Statistics / Banking / Economics<br>(B) Vocational Streams : [1] Computer Science Application [2] Entrepreneurship [3] Mathematics |
| B.Com. - Marketing | A candidate who has passed 12th with following subjects shall be eligible to apply for B.Com. Marketing.<br>(A) [1] Accountancy [2] Business Administration [3] Business Maths / Statistics / Banking / Economics<br>(B) Vocational Streams : [1] Computer Science Application [2] Entrepreneurship [3] Mathematics |
| B.Com. - Management | A candidate who has passed 12th with following subjects shall be eligible to apply for B.Com. Management.<br>(A) [1] Accountancy [2] Business Administration [3] Business Maths / Statistics / Banking / Economics<br>(B) Vocational Streams : [1] Computer Science Application [2] Entrepreneurship [3] Mathematics |

**M.A.-1**

| M.A. External Subject | Eligibility |
|---|---|
| M.A. – Gujarati | A candidate who has obtained Bachelor's degree in Gujarati shall be eligible to apply for M.A. Gujarati. |
| M.A. - English | A candidate who has obtained Bachelor's degree in English shall be eligible to apply for M.A. English. |
| M.A. - Hindi | A candidate who has obtained Bachelor's degree in Hindi shall be eligible to apply for M.A. Hindi. |
| M.A. - Sanskrit | A candidate who has obtained Bachelor's degree in Sanskrit shall be eligible to apply for M.A. Sanskrit. |
| M.A. – History | A candidate who has obtained Bachelor's degree in History shall be eligible to apply for M.A. History. |
| M.A. - Economics | A candidate who has obtained Bachelor's degree in Economics shall be eligible to apply for M.A. Economics.<br>First Class or Second Class Commerce Graduate will be considered eligible for admission to M.A. Economics.<br>A candidate who has obtained Bachelor's degree in Rural Studies shall be eligible to apply for M.A. Economics. (Academic council dt.10/04/2008 , Resolution no.69) |
| M.A. – Sociology | A candidate who has obtained Bachelor's degree in Sociology shall be eligible to apply for M.A. Sociology. (Academic council dt.07/06/2019 , Resolution no.6) |
| M.A. - Political Science | A candidate who has obtained Bachelor's degree in any faculty shall be eligible to apply for M.A. Political Science. |

| | |
|---|---|
| M.A. - Comparative Literature | A candidate who has passed the B.A. Degree examination with any language and literature may be considered eligible for admission to M.A. Comparative Literature. |
| M.A. – Psychology | A candidate who has obtained Bachelor's degree in Psychology shall be eligible to apply for M.A. Psychology. |
| M.A. – Mathematics | A candidate who has obtained Bachelor's degree in Mathematics shall be eligible to apply for M.A. Mathematics. |

## M.Com.-1

| M.Com. External Subject | Eligibility |
|---|---|
| M.Com. - Financial & Management Accountancy | A candidate who has obtained Bachelor's degree in Commerce shall be eligible to apply for M.Com. Financial & Management Accountancy.<br>First Class or Second Class BBA Graduate will be considered eligible for admission to M.Com. Financial & Management Accountancy. |
| M.Com. - Advanced Statistics | A candidate who has obtained Bachelor's degree in Commerce shall be eligible to apply for M.Com. Advanced Statistics.<br>First Class or Second Class BBA Graduate will be considered eligible for admission to M.Com. Advanced Statistics.<br>A candidate who has obtained Bachelor's degree in Statistics / Economics shall be eligible to apply for M.Com. Advanced Statistics. (Academic council dt.28/01/2009 , Resolution no.74) |
| M.Com. - Marketing | A candidate who has obtained Bachelor's degree in Commerce shall be eligible to apply for M.Com. Marketing.<br>First Class or Second Class BBA Graduate will be considered eligible for admission to M.Com. Advanced Statistics. |

(૮) (૧) પ્રથમ વર્ષ બી.એ. માં જે વિષયો મુખ્ય (કોર કમ્પલસરી) અને ગૌણ (કોર ઈલેકિટવ) પસંદ કર્યા હશે તે જ વિષયો દ્વિતીય વર્ષ બી.એ. માં પણ રાખવાના રહેશે. વિદ્યાર્થી ઈચ્છે તો એસ.વાય.બી.એ. માં મુખ્ય અને ગૌણ વિષય અરસપરસ બદલી શકશે.

(૨) એક્ષટર્નલ પધ્ધતિ બી.એ. માં સાયકોલોજી તથા સ્ટેટેસ્ટીકસ વિષયને મુખ્ય વિષય તરીકે લઈ શકાશે નહી.

(૯) (૧) બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં મુખ્ય વિષયો અને ગૌણ વિષયોની પસંદગી દર્શાવેલ યાદી પ્રમાણે કરવાની રહેશે.

(૨) બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં પરીક્ષા કેન્દ્રોની પસંદગી દર્શાવેલ યાદી પ્રમાણે કરવાની રહેશે.

(૩) એક્ષટર્નલ અભ્યાસક્રમોના નિયત કરાયેલ બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ના કોલેજ / પરીક્ષા કેન્દ્રોમાં તે અભ્યાસક્રમના વિષયનાં ફોર્મ જમા કરાવી શકાશે.

(૧૦) એક્ષટર્નલ અભ્યાસક્રમો **<u>બી.એ./બી.કોમ.</u>** માટેના આવેદનપત્ર સાથે નીચે મુજબનાં લાગુ પડતા બિડાણો ક્રમાનુસાર જોડવાના રહેશે.

(૧) ધોરણ–૧૨ ની પરીક્ષાની પ્રામણિત માર્કશીટ, એફ.વાય/એસ.વાય/ટી.વાય બી.એ.–બી.કોમ. ની માર્કશીટની પ્રમાણિત નકલ.
(૨) જન્મ તારીખના પુરાવા માટે ધોરણ–૧૨ નું શાળા છોડયાનું પ્રમાણપત્ર.
(૩) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના અરજદારો માટે સમાજ કલ્યાણ અધિકારી તરફથી આપવામાં આવેલ પ્રમાણિત નકલ અને પરિશિષ્ટ 'ક' (તા.૩૧–૩–૨૦૧૯ પછીનું)
(૪) શારીરિક રીતે વિકલાંગ (ફિઝીકલી હેન્ડીકેપ) પ્રમાણપત્ર.
(૫) પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ, ફાઈનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ, ટ્રાન્સફર સર્ટિફિકેટ.
(૬) અન્ય શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ તથા પ્રમાણપત્ર.

(૧૧) એક્ષટર્નલ અભ્યાસક્રમો **<u>એમ.એ./એમ.કોમ.</u>** માટેના આવેદનપત્ર સાથે નીચે મુજબનાં લાગુ પડતા બિડાણો ક્રમાનુસાર જોડવાના રહેશે.

(૧) સ્નાતક પરીક્ષાની (પ્રથમ, દ્વિતિય અને તૃતીય વર્ષ) અને જો એમ.એ. / એમ.કોમ. ભાગ –૧ ની પરીક્ષા પાસ કરી હોય તો તેની પ્રમાણિત માર્કશીટ.
(૨) જન્મ તારીખના પુરાવા માટે ધોરણ–૧૨ નું શાળા છોડયાનું પ્રમાણપત્ર.
(૩) અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિ તથા સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગના અરજદારો માટે સમાજ કલ્યાણ અધિકારી તરફથી આપવામાં આવેલ પ્રમાણિત નકલ અને પરિશિષ્ટ 'ક' (તા.૩૧–૩–૨૦૧૮ પછીનું)
(૪) શારીરિક રીતે વિકલાંગ (ફિઝીકલી હેન્ડીકેપ) પ્રમાણપત્ર.
(૫) પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ, ફાઈનલ એલિજિબિલિટી સર્ટીફિકેટ, ટ્રાન્સફર સર્ટિફિકેટ.
(૬) અન્ય શૈક્ષણિક લાયકાતની તમામ માર્કશીટ તથા પ્રમાણપત્ર.

(૧૨) પ્રવેશ માટે અરજી કરનાર વિદ્યાર્થીઓએ પોતાનું નામ છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટમાં દર્શાવેલ હોય તે પ્રમાણે જ તેમનું નામ પ્રવેશ ફોર્મમાં દર્શાવવાનું રહેશે. જો **નામમાં ફેરફાર** હોય તો તે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ નામની પ્રમાણિત નકલ આવેદનપત્ર સાથે જમા કરાવવાનું રહેશે.

(૧૩) (૧) **ડબલ ગ્રેજયુએશન તથા ડબલ પોસ્ટ ગ્રેજયુએશન** કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી–સુરતના એકેડેમિક વિભાગમાંથી પૂર્વમંજૂરી મેળવવી આવશયક છે. આ મંજૂરી પત્રની નકલ આવેદનપત્ર સાથે જમા કરાવવાનું રહેશે.

(૨) વિદ્યાર્થીને 1st graduation ની પરીક્ષા પાસ કર્યાના ૨ શૈક્ષણિક વર્ષ પછી 2nd graduation ની પરવાનગી આપવામાં આવશે નહી. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૧૨ મુજબ)

(૧૪) **અભ્યાસ દરમિયાન વચ્ચે ડ્રોપ (ગેપ)** રાખેલ હોય તો વિદ્યાર્થીએ રૂા.૫૦/– ના સ્ટેમ્પ પેપર પર સોંગધનામું કરવાનું રહેશે. જેની નકલ આવેદનપત્ર સાથે જમા કરાવવાનું રહેશે.

(૧૫) **પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ– P.E.C. :–** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત / ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર સિવાયના અન્ય બોર્ડમાંથી ધોરણ ૧૨ પાસ કરેલ વિદ્યાર્થીઓએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતના એકડેમિક વિભાગમાંથી પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ (કામચલાઉ પ્રવેશ પ્રમાણપત્ર) મેળવીને એક્ષટર્નલ અભ્યાસક્રમોનું આવેદનપત્ર ભરવાનું રહેશે. પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ આવેદનપત્ર સાથે જે તે કોલેજમાં જમા કરાવવાનું રહેશે.

પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ પર પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધા બાદ **ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ** ***(ઓરીજીનલ માઈગ્રેશન સર્ટીફિકેટ*** *યુનિવર્સિટીના એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યેથી મળશે)* જમા કરાવવાનું રહેશે અન્યથા જો તેમનું આવેદનપત્ર નિયમાનુસાર રદ થાય તો તેની જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે.

(૧૬) **ટ્રાન્સફર સર્ટીફિકેટ– T.C. :–** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના રેગ્યુલર માંથી એક્ષટર્નલમાં આવતા તમામ વિદ્યાર્થીઓએ છેલ્લે અભ્યાસ કરેલ જે તે કોલેજમાંથી ટ્રાન્સફર સર્ટિફિકેટ મેળવી એક્ષટર્નલ અભ્યાસક્રમનું આવેદનપત્ર ભરવાનું રહેશે.

(૧૭) ટ્રાન્સફર સર્ટિફિકેટ અથવા પ્રોવિઝનલ /ફાઈનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ જોડયા સિવાયના એક્ષટર્નલ અભ્યાસક્રમનું આવેદનપત્ર સ્વીકારવામાં આવશે નહીં.

(૧૮) **<u>એક્ષટર્નલ અભ્યાસક્રમો (બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ.) નું ફી નું માળખું</u>** નીચે મુજબ છે.

(અ) (૧) B.A., B.Com માટે રૂા.૧,૨૫૦/–
(૨) M.A., M.Com માટે રૂા.૧,૫૦૦/–

(બ) **<u>વાર્ષિક પધ્ધતિ</u>**ના નાપાસ તથા એ.ટી.કે.ટી. ના વિદ્યાર્થીઓ માટે
(૧) F.Y.B.A./ F.Y.B.Com. માટે રૂા.૪૫૦/–
(૨) S.Y.B.A./ S.Y.B.Com. માટે રૂા.૫૦૦/–
(૩) T.Y.B.A./ T.Y.B.Com. માટે રૂા.૫૫૦/–
(૪) M.A./ M.Com. માટે રૂા.૬૦૦/–

(૧૯) એક્ષટર્નલ અભ્યાસક્રમો (બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ.) માં ERP System ના વિદ્યાર્થીઓના ઓનલાઈન ફોર્મની પ્રોસેસીંગ ફી રૂા.૨૦૦/– નિયત કરાયેલ છે.

(૨૦) શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ થી એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માટે નીચે જણાવેલ જે તે પરીક્ષાના વિષયો / પેપરોમાં નવો અભ્યાસક્રમ અમલમાં આવ્યો હોવાથી આગામી **મે / જૂન – ૨૦૨૧** માં લેવાનાર પરીક્ષાઓ માટે **<u>એક્ષટર્નલ અભ્યાસક્રમોમાં રજીસ્ટર્ડ જૂના વિદ્યાર્થીઓ માટે (નાપાસ તથા એ.ટી.કે.ટી. ના વિદ્યાર્થીઓ માટે)</u> જૂના અભ્યાસક્રમ** પ્રમાણે પરીક્ષા છેલ્લીવાર લેવામાં આવશે. સદરહૂ પરીક્ષામાં નાપાસ થનાર, તેમાં નહી બેસનાર વિદ્યાર્થીઓએ મે / જૂન– ૨૦૨૧ પછી લેવાનાર જે તે વિષયો / પેપરોની પરીક્ષા નવા અભ્યાસક્રમ મુજબની જ આપવાની રહેશે.

વધુમાં, નીચે જણાવેલ (* **ચિહ્ન વાળા**) જે તે પરીક્ષાના ભાષાના વિષયો / પેપરોના અભ્યાસક્રમો બદલાયા હોય તો પણ તેવા વિષયો / પેપરોની પરીક્ષા **નવા અભ્યાસક્રમ** મુજબ જ આપવાની રહેશે.

| **Exam** | **Subject / Paper** |
|---|---|
| F.Y. B.A. | * Gujarati (Comp.) |
| | * ગુજરાતી પેપર–૧–મધ્યકાલીન અને અર્વાચીન – પદ્ય કૃતિ |
| | * ગુજરાતી પેપર–૨–અર્વાચીન – ગદ્ય કૃતિઓ |
| S.Y. B.A. | * સંસ્કૃત પેપર–૩–લલિત સાહિત્ય –સંસ્કૃત નાટ્ય તથા સાહિત્ય અને અર્થાવબોધ |
| | * સંસ્કૃત પેપર–૪–કાવ્યશાસ્ત્ર |
| | * સંસ્કૃત પેપર–૫–વૈદિક વાગમય |
| M.A. 1 | * તુલનાત્મક સાહિત્ય પેપર–૧ – સૈદ્ધાંતિક વિચારણા અને વ્યવહારુ વિવેચન |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૨ – વિષયવસ્તુલક્ષી અભ્યાસ |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૩ –સ્વરૂપલક્ષી અભ્યાસઃ રેખાચિત્રો |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૪ (અ) – મધ્યકાલીન સાહિત્ય |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૪ (બ) – આધુનિક સાહિત્ય |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૫ – સાહિત્ય અને સમાજશાસ્ત્ર |
| M.A. 2 | * તુલનાત્મક સાહિત્ય પેપર–૬ – પ્રભાવલક્ષી અભ્યાસઃ (સંસ્કૃતનો પ્રભાવ) |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૭ – કર્તાલક્ષી અભ્યાસ |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૮ – અનુવાદ : સિધ્ધાંત અને વિનિયોગ |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૯ (અ) – ભારતીય સાહિત્ય |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૯ (બ) – વિશ્વ સાહિત્ય |
| | * તુલનાત્મક સાહિત્ય પેપર–૧૦ – સાહિત્ય અને ફિલ્મ |
| | |
| F.Y. B.Com. | * Gujarati (Comp.) |
| | **Business Administration** |
| | **Elements of Banking & Insurance** |
| | **Secreterial Practice** |
| | **Salesmanship & Publicity** |
| | **Financial Management** |
| | **Theory & Practice of Co-Operation (Organization & Working of Co-Operation)** |
| M.Com. 1 | **Management Theory & Practice** |
| | **Advertisement & Sales Management** |
| | **Marketing Management** |
| | **Financial Management** |

(૨૧) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ના સીલેબસના વિષયો સબંધિત માહિતી અંગે યુનિવર્સિટી વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ પરિપત્ર ધ્યાને લઈ આવેદનપત્ર ભરવા હિતાવહ છે. ખાસ કરીને ATKT / Part ના વિદ્યાર્થીએ તેમના વિષયોની પરીક્ષા જૂના સીલેબસ મુજબ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ તકને ધ્યાને લઈ આપવાની હોય છે તેની ચકાસણી કરી લેવી.

(૨૨) રીચેકિંગ/રીએસેસમેન્ટ કરાવનાર વિદ્યાર્થીઓએ તેમના પરિણામની રાહ જોયા વિના નિયત તારીખ સુધીમાં એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ના આવેદનપત્ર ભરવા હિતાવહ રહેશે.

(૨૩) શૈક્ષણિક વર્ષ ૨૦૧૮–૧૯ થી એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માટે જે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ યુનિવર્સિટી દ્વારા રદ કરવામાં આવે અથવા વિદ્યાર્થી દ્વારા નિયત સમયમાં પ્રવેશ રદ કરાવે તો ફી માંથી રૂા.૭૫૦/– કાપીને બાકીની રકમ પરત કરવામાં આવશે. લેઈટ ફી પરત કરી શકાશે નહી. (સિન્ડિકેટ તા.૩–૧૧–૨૦૧૮ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૭ મુજબ)

(૨૪) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. નાં વિદ્યાર્થીઓએ પરીક્ષાના આવેદનપત્ર રદ કરવાની અરજી પરીક્ષા બેઠક ક્રમાંક ફળવાયા બાદ આપેલ હોય તો ફી રીફંડની અરજી દફતરે કરવામાં આવશે.

–૬–

(૨૫) યુનિવર્સિટીના પ્રવર્તમાન ઓર્ડિનન્સ (43)(1)(i) મુજબ કોઈ પણ વિદ્યાર્થી આ યુનિવર્સિટીના અભ્યાસક્રમો એક સાથે બે કરી શકે નહી. આમ છતાં માહિતી છુપાવીને જો કોઈ વિદ્યાર્થી એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં પ્રવેશ મેળવશે તો પ્રવેશ નિયમાનુસાર રદ કરવામાં આવશે તથા કોઈપણ પ્રકારની ફી પરત કરવામાં આવશે નહી.

(૨૬) જે વિદ્યાર્થીઓની જે તે વર્ષમાં ૧+ ૨ (ત્રણ) ટ્રાયલ થઈ ગઈ હોય તથા આખો અભ્યાસક્રમ પૂરો કરવાની સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મ રદ કરવામાં આવશે. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૧૦ મુજબ)

(૨૭) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. નાં જે વિદ્યાર્થીઓની પરીક્ષાની હોલ ટીકીટમાં ભૂલ હોય તો તેમણે યુનિવર્સિટીના એક્ષટર્નલ યુનિટ, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કાર્યાલય સમય દરમિયાન વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ નિયત અરજી કરવાની રહેશે. એક્ષટર્નલ પરીક્ષાની હોલ ટીકીટ જનરેટ થયા બાદ વિષય બદલી તથા સેન્ટર બદલી કરી આપવામાં આવશે નહી, જેથી વિદ્યાર્થીએ એક્ષટર્નલ ફોર્મ ભરતી વખતે ખાસ કાળજી રાખવી.

(૨૮) યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in ઉપર એક્ષટર્નલ અભ્યાસક્રમ સબંધિ દરેક માહિતીથી (સીલેબસ, પરીક્ષાનું ટાઈમ ટેબલ, હોલ ટીકીટ, પ્રોસ્પેકટસ, પ્રવેશ જાહેરાત, ફોર્મ, પરિપત્રો... વગેરે) માહિતગાર કરવામાં આવશે, જેથી તે મુજબ માહિતી મેળવી લેવાની રહેશે.

યુનિવર્સિટી વેબસાઈટ www.vnsgu.ac.in ઉપર External Examination માં એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબ જરૂરી ફોર્મ ઉપલબ્ધ છે.

01 Application Form for ATTEMPT - TRIAL Certificate
02 Application Form for MEDIUM OF INSTRUCTION Certificate
03 Application Form for TRANSFER Certificate
04 Application Form for TRANSCRIPT
05 Application Form for BONAFIDE Certificate
06 Application Form for External Admission Form FEE REFUND
07 Affidavit Proforma for Study Gap
08 Application Form for Correction in Exam Hall Ticket

(૨૯) વિદ્યાર્થીએ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં કોઈ એક જ માધ્યમમાં પરીક્ષા આપવાની રહેશે. પ્રશ્નપત્ર અંગ્રેજી અને ગુજરાતી ભાષામાં આપવામાં આવશે.

(૩૦) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ની પરીક્ષા વાર્ષિક પધ્ધતિએ દર વર્ષે એપ્રિલ / મે / જૂન મહિનામાં લેવામાં આવશે.

(૩૧) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. ના પાસીંગ ધોરણ ૩૬ % તથા એમ.એ./એમ.કોમ. ના પાસીંગ ધોરણ ૪૦ % છે. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૬ મુજબ)

(૩૨) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. માં જે તે વર્ષની પરીક્ષામાં ૬૦ % વિષયો સાથે પાસ થયેથી આગામી વર્ષમાં ATKT સાથે પ્રવેશ પાત્રતા ધરાવે છે. જયારે એમ.એ./એમ.કોમ. માં પ્રથમ વર્ષની પરીક્ષામાં નાપાસ હોય તો પણ આગામી વર્ષમાં પ્રવેશ પાત્રતા ધરાવે છે. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૮, ૯ મુજબ)

(૩૩) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં છેલ્લા વર્ષની પરીક્ષામાં પાસ હોય પરંતુ અગાઉના વર્ષની પરીક્ષાના પરિણામમાં પાસ થયેલ ન હોય ત્યાં સુધી છેલ્લા વર્ષની પરીક્ષાનું પાસ થયેલું પરિણામ જાહેર થશે નહી. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૮.૧.૪ , ૯.૧.૨ મુજબ)

(૩૪) વિદ્યાર્થીએ એક્ષટર્નલ બી.એ./બી.કોમ. નો સમગ્ર અભ્યાસક્રમ પ્રવેશના ૫ શૈક્ષણિક વર્ષમાં તથા એમ.એ./એમ.કોમ. નો સમગ્ર અભ્યાસક્રમ પ્રવેશના ૪ શૈક્ષણિક વર્ષમાં પૂર્ણ કરવાનો રહેશે. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૯–૪–૨૦૧૬ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩૧, સિન્ડિકેટ તા.૭–૨–૨૦૧૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૨, સિન્ડિકેટ તા.૨–૬–૨૦૧૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૩ મુજબ)

(૩૫) વિદ્યાર્થીને જે તે વિષયની પરીક્ષા પાસ કર્યા બાદ કોઈ અભ્યાસક્રમ / પેપર / પાસીંગ હેડ સબંધિ પરિણામને સુધારવાના હેતુ માટે ફરી વાર પરીક્ષા આપવાની મંજૂરી આપવામાં આવશે નહી. (એકેડેમિક કાઉન્સિલ તા.૧૩–૨–૨૦૧૫ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૮ ના ૧૧ મુજબ)

(૩૬) ITI / Diploma કોર્ષના વિદ્યાર્થીઓને એફ.વાય.બી.એ. (રેગ્યુલર તેમજ એક્ષટર્નલ) અભ્યાસક્રમોમાં પ્રવેશ પાત્ર ગણાશે. આવા વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ITI / Diploma ની માર્કશીટ / પ્રમાણપત્ર ઉપરાંત Gujarat Secodary & Higher Secondary Education Board, Gandhinagar માંથી Equivalence Certificate મેળવી રજૂ કરવાનું રહેશે. (એકેડેમિક કાઉન્સિલ તા. ૨૯–૦૮–૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક : ૩ મુજબ)

(૩૭) એકેડેમિક કાઉન્સિલ તા.૭/૦૬/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ૨૯૧ તથા સિન્ડિકેટ તા.૧૯/૦૬/૨૦૧૯ ઠરાવ ક્રમાંક : ૩૭૨ અન્વયે કોલેજોમાં રેગ્યુલર અભ્યાસક્રમમાં સેમેસ્ટર પધ્ધતિ તેમજ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં વાર્ષિક પધ્ધતિ મુજબ અભ્યાસક્રમ ચાલતા હોય જેથી :–

- પ્રથમ વર્ષ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને બીજા વર્ષથી રેગ્યુલર વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થી પ્રથમ વર્ષ એક્ષટર્નલ પરીક્ષાના બધા વિષયો સાથે પાસ હોવો જોઈએ અને કોલેજ તરફથી રેગ્યુલર વિદ્યાર્થીને પ્રવેશ અપાય બાદ ખાલી રહેલ જગ્યા ઉપર, યુનિવર્સિટીને સંમતિ પત્ર આપ્યેથી પ્રવેશ એક્ષટર્નલથી રેગ્યુલરમાં તબદીલ કરી શકે છે.
- પ્રથમ વર્ષ રેગ્યુલર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને બીજા વર્ષથી એક્ષટર્નલ વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થી પ્રથમ વર્ષ રેગ્યુલર પરીક્ષાના બધા વિષયો સાથે પાસ હોવો જોઈએ.
- પ્રથમ અને બીજા વર્ષ એક્ષટર્નલ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીને ત્રીજા વર્ષથી રેગ્યુલર વિદ્યાર્થી તરીકે પ્રવેશ તબદીલ કરી શકે નહી.

(૩૮) વિદ્યાર્થીએ એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ની માર્કશીટ મેળવવા આપેલ પરીક્ષા કેન્દ્ર / કોલેજમાં ઓળખનો કોઈ એક પુરાવો તેમજ પરીક્ષાની હોલટિકિટ બતાવ્યેથી પરીક્ષા પરિણામ આવ્યાના ૧૫ દિવસ પછી મેળવી લેવાની રહેશે.

(૩૯) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. માં રજીસ્ટર્ડ તમામ વિદ્યાર્થીને કોઈ પણ પ્રકારના સર્ટિફિકેટ મેળવવા માટે તથા સહી–સિક્કા માટે એક્ષટર્નલ યુનિટ, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કાર્યાલય સમય દરમિયાન રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે.

(૪૦) અનિવાર્ય સંજોગોમાં જો વિદ્યાર્થી રૂબરૂ આવી શકે એમ ન હોય તો તેણે અરજીની સાથે સર્ટિફિકેટ લેવા આવનાર વાલી/વારસને વિદ્યાર્થીએ અધિકારપત્ર (ઓથોરિટી લેટર) આપવાનો રહેશે તથા સર્ટિફિકેટ લેવા આવનાર વાલી/વારસે તેમના ઓળખપત્રની ઝેરોક્ષ નકલ આપવાની રહેશે.

(૪૧) એક્ષટર્નલ અભ્યાસક્રમો બી.એ./બી.કોમ. તથા એમ.એ./એમ.કોમ. ની પરીક્ષાના પરિણામો જાહેર થયેથી દિન ૧૫ માં રીચેકીંગ / રીએસેસમેન્ટના ફોર્મ ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જેની વિદ્યાર્થીઓએ ખાસ કાળજી લેવી. **(યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો મુજબ છેલ્લા વર્ષની પરીક્ષા માટે રીએસેસમેન્ટ તથા બાકીના વર્ષની પરીક્ષા માટે રીચેકીંગની જોગવાઈ છે.)**

(૪૨) રીચેકીંગ / રીએસેસમેન્ટમાં પાસ થનાર વિદ્યાર્થીએ રૂબરૂ આવીને પોતાનું ફોર્મ રદ કરવાનું રહેશે.